Chapter-6



# પ્રકરણ-૬

## ઉપસંહાર

ગુજરાતીમાં લલિત નિબંધ વિશે હવે પુનર્વિચાર કરવાનો સમય આવી ગયો છે. જો ગુજરાતી નિબંધ અતીતરાગ, પ્રાકૃતિક સૌંદર્યના પુનરાવર્તનમાંથી છૂટવાનો પ્રયત્ન નહીં કરે તો તે વધુ ને વધુ નિઃસત્ત્વ થવાનો. ગુજરાતી નિબંધકાર પાસે ભાષાસમૃદ્ધિ છે, આલેખનની સ્વસ્થતા છે પરંતુ ચર્વિતચર્વણ એને રૂંધે છે. અભિવ્યક્તિમાં પ્રાસાદિકતા જન્મે, ભાવક પક્ષે પણ સ્વરૂપને લગતી કોઈ અસ્પષ્ટતાઓ ઊભી ન થાય તો ગુજરાતી નિબંધ નવી શક્યતાઓ પ્રગટાવી શકે.

આપણું નિબંધ સાહિત્ય પાછળથી તો વર્તમાનપત્રોની માગને પહોંચી વળવા માટે પ્રગટ્યું છે. વર્તમાનપત્રો વચ્ચેની સ્પર્ધાએ પણ જુદા જુદા સર્જકોને અભિવ્યક્તિ માટે મોકળાશ આપી છે. આનું ભયસ્થાન તો છે જ, મોટા ભાગના વાચકો ઘણું કરીને મનોરંજન માટે, માહિતી માટે અને નહીંતર સમય પસાર કરવા માટે આવું બધું વાંચતા હોય છે. એમની અપેક્ષાઓ જુદા પ્રકારની હોય છે અને એ સંતોષવા માટે લેખકોને નીચે ઊતરી આવવું પડે છે. પત્રકારત્વના આશ્રયે નિબંધ ન જ લખાય એવું નથી. પણ સમાધાનો કરવાનો જ્યારે આરંભ થાય ત્યારે સર્જનની અવનતિ થાય. વળી કાળે કરીને એવું પણ પરિણામ આવે કે લેખકની રુચિ વાચકની સમાંતરે થઈ જાય.

કાકાસાહેબ કાલેલકરથી માંડી સુરેશ જોષી સુધીના નિબંધો જોઈશું તો તેમાં પ્રકૃતિનું અસામાન્ય આલેખન છે. અહીં અતીતરાગ છે, પણ તે વળગણ બનીને આવતો નથી. પણ જેમ જેમ આગળ વધતા જઈએ છીએ તેમ તેમ આ સમૃદ્ધિ ઓછી થતી જાય છે. આને શી રીતે ઓળખાવવી ? લેખકની મર્યાદા કે પછી સમકાલીન વાચકોની મર્યાદા ? સુરેશ જોષી કે કાકાસાહેબની દિશામાં આગળ વધવું હોય તો ઇન્દ્રિયજન્ય સંવેદનોની માત્રા તીવ્રતમ હોવી જોઈએ. અલબત્ત એ તો જે તે સર્જકની પ્રતિભા પર આધાર રાખે. સાથે સાથે જેઓ ચિંતનનું તત્ત્વ ઉમેરવા માગતા હોય તેઓએ એ માટે પુરુષાર્થ કરવો પડે.

વિવેચકોને પણ ગુજરાતી નિબંધની મર્યાદા સ્પષ્ટપણે દેખાવા લાગી હતી. એટલે એક બાજુએ વિષયનાવીન્યનો અભાવ અને બીજી તરફ નિરૂપણરીતિની એકવિધતા સતત ખૂંચતો રહ્યો છે. કદાચ નવી દિશાઓ ઉઘાડવી પડે, વ્યક્તિચિત્રોની દિશામાં પણ ગતિ કરવી પડે. રઘુવીર ચૌધરી કૃત 'સહરાની ભવ્યતા'માં જુદા જ પ્રકારનાં વ્યક્તિચિત્રો આલેખાયાં છે. એમાં વિનોદ ભટ્ટની જેમ ઉપહાસાત્મક અંશ ઓછા છે.

એક બીજી બાબત પણ જોઈ શકાશે કે નિબંધકારોમાં લેખિકાઓનું પ્રમાણ નહિવત્ છે. પ્રીતિ સેનગુપ્તા જેવાઓ અપવાદરૂપ છે. સાથે જ દલિત નિબંધકારો પણ પ્રમાણમાં ઓછા છે. મોટા ભાગના નિબંધકારો તળની અને પોતાના પંડની વાત તો કરે છે, એક કવિના જેવી સંવેદનશીલતા પણ તેમનામાં

છે. ક્યાંક એની અભિવ્યક્તિ સબળ પણ બને છે પરંતુ એમાં સાતત્ય વરતાતું નથી.

લલિત નિબંધમાં વ્યક્ત થતી ભાવનાઓની સાથે સાથે વાસ્તવિકતા પણ ભળે છે. ક્યારેક પુરોગામીઓથી અલગ રીતે તો ક્યારેક તેમની પરંપરામાં. નિબંધકારે તેમની શૈલી ઉપર ધ્યાન આપવું જોઈએ. આનો અર્થ એ નથી કે તેમણે વાણીની સ્થૂળતા પર પ્રભુત્વ મેળવી લેવું જોઈએ. કેવળ વાણીવિલાસથી કશું સિદ્ધ થઈ શકતું નથી. વારે વારે આકાશદર્શનનાં વર્ણનો પણ ત્રાસ ઉપજાવે, એવી જ રીતે અલંકારોથી પણ એકવિધતા પ્રગટે છે.

આપણા નિબંધોની બધી જ મર્યાદાઓ સ્વીકારીને પણ કહી શકીશું કે નિબંધોનો એક ચોક્કસ કહી શકાય એવો ચાહક વર્ગ હોય છે. કંઇ કેટલાય પ્રકારની ભાવભંગિમાઓ અને સાથે સાથે અભિવ્યક્તિની નવી તરાહો, એમનો લય : આ બધું ઘણા બધાને આકર્ષી જાય છે. એમને દિગીશ મહેતા પણ ગમે અને જયંતિ દલાલ પણ ગમે. પણ એક જ પ્રકારના નિબંધોમાંથી તો બહાર આવવું પડે.